

# સુસ્વાગતમ્ પ્રધાનમંત્રી

**ગુજરાતના પનોતા પુત્ર માનનીય શ્રી નરેન્દ્રભાઈ મોદીએ લોકસભા ચૂંટણીમાં ઐતિહાસિક વિજય પ્રાપ્ત કરી દેશના વડાપ્રધાન બન્યા બાદ પ્રથમ વખત ગુજરાત-ગાંધીનગર પધારે છે ત્યારે ગાંધીનગરની ધરતી અંતરના ઉંડાણથી આવકારે છે...**


આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર


હે ભગવાન!!! ...મને એવી જ વેદના આપજે જેને માટે હું લાયક હોઉં જે મારા માટે સાર્થક હોય

**- તોલ્સ્ટોઈ**


Gandhinagar વર્ષ : (૨૯) અંક નં. ૧૮૫ | ૧૬ સપ્ટેમ્બર, ૨૦૧૪, મંગળવાર; ભાદરવા વદ - ૮ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦


# આજે ગાંધીનગર પધારતા પ્રધાનમંત્રી


**બપોરે ૩ વાગે એરપોર્ટથી સીધા અડાલજ ત્રિમંદિર અને સાંજે રાજભવન પહોંચશે ૧૭મીએ સવારે માતા હીરાબાના આશીર્વાદ લઈ મહાત્મા મંદિર કાર્યક્રમમાં જશે**

ગાંધીનગર, તા. ૧૫

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે ગાંધીનગર પધારશે. પ્રધાનમંત્રી પદે બિરાજમાન થયા બાદ પ્રથમવાર પી.એમ. ગાંધીનગર આવવાના હોવાથી ઉત્સવનો માહોલ છવાયો છે. સાફ-સફાઈ, રંગરોગાન અને રોશનીથી ઝળહળતા શહેરમાં પ્રધાનમંત્રીના આગમનને લઈ યુદ્ધના ધોરણે તૈયારીઓ ચાલી રહી છે. હાઈએલર્ટ જારી કરવાની સાથે ચાંપતો બંદોહસ્ત પણ ગોઠવી દેવાયો છે. આજે બપોરે પ્રધાનમંત્રી એરપોર્ટ પરથી સીધા અડાલજ ત્રિમંદિર પહોંચશે. બે દિવસમાં વિવિધ ચાર સ્થળોએ મુલાકાત લેશે.

પ્રધાનમેંત્રી નરેન્દ્ર મોદીની ગાંધીનગર મુલાકાતને લઈ સરકારી તંત્ર છેલ્લા ત્રણ-ચાર દિવસથી તડામાર તૈયારીઓમાં વ્યસ્ત જોવા મળી રહ્યું છે. નગરમાં ચુસ્ત સુરક્ષા


● અનુસંધાન પાન-૭ પર

(તસવીર : દિપક જાની)

## વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો ભરચક કાર્યક્રમ

**૧૬ સપ્ટેમ્બરના કાર્યક્રમ**

- આવતીકાલ તા. ૧૬ના રોજ બપોરે ૧૪:૩૦ કલાકે દિલ્હીથી રવાના
- સાંજે ૧૬:૦૦ કલાકે અમદાવાદ એરપોર્ટ પર આગમન
- સાંજે ૧૬:૦૫ થી ૧૬:૪૫ એરપોર્ટ પર વડાપ્રધાનનું સ્વાગત
- સાંજે ૧૬:૪૫ એરપોર્ટથી અડાલજ-ત્રિમંદિર રવાના
- સાજે ૧૭:૨૦ થી ૧૯:૩૦ ત્રિમંદિર-અડાલજ
- સાંજે ૧૯:૩૦ ત્રિમંદિરથી રાજભવન રવાના
- રાત્રે ૨૦:૦૫ રાત્રિરોકાણ, રાજભવન-ગાંધીનગર.

**૧૭ સપ્ટેમ્બરના કાર્યક્રમ**

- તા. ૧૭ના રોજ સવારે ૯ થી ૯:૩૦ માતૃશ્રી હિરાબાના ઘરે
- હીરાબના ઘરેથી રાજભવન પરત આવશે
- સવારે ૧૦:૨૫ રાજભવનથી મહાત્મા મંદિર જવા રવાના
- સવારે ૧૦:૩૫ થી ૧૨:૧૫ મહાત્મા મંદિરમાં સરકારની યોજના સંદર્ભે કાર્યક્રમ
- બપોરે ૧૨:૧૫ રાજભવન રવાના
- સાંજે ૧૪:૨૫ રાજભવન-ગાંધીનગરથી અમદાવાદ રવાના
- સાંજે ૧૪:૨૫ થી ૧૯:૦૦ અમદાવાદ એરપોર્ટથી શરૂ કરી ચીનના રાષ્ટ્રપતિના આગમન અને ત્યાર પછીના ચીનના રાષ્ટ્રપતિ જીનપીંગ સાથેના અનેકવિધ કાર્યક્રમોમાં હાજરી
- સાંજે ૧૯:૦૦ કલાકે અમદાવાદ એરપોર્ટ જવા રવાના

# પ્રધાનમંત્રીની મુલાકાતને પગલે શહેરમાં ભારે ઉત્તેજના

## તંત્ર તેની તૈયારીમાં વ્યસ્ત : સમગ્ર નગરમાં છ જિલ્લાની પોલીસનો લોખંડી બંદોબસ્ત : મહાત્મા મંદિર પાસે પણ સઘન બંદોબસ્ત

## ભાજપ દ્વારા ભવ્ય સ્વાગત

ગાંધીનગર, તા.૧૫

વડાપ્રધાન નરેન્દ્ર મોદી આવતીકાલથી બે દિવસના ગુજરાત પ્રવાસે આવી રહ્યા હોઈ તેમના સ્વગાત માટેના કાર્યક્રમને આખરી ઓપ આપવામાં આવી રહ્યો છે. દેશના વડાપ્રધાન બન્યા બાદ નરેન્દ્ર મોદી ગુજરાતના પ્રવાસે પહેલીવાર આવી રહ્યા છે. આવતીકાલે બપોરે ૩ કલાકે અમદાવાદ વિમાની મથકે તેઓ આવી પહોંચશે ત્યારે ભાજપ દ્વારા ઢોલ નગારાના તાલ સાથે તેમનું ભવ્ય સ્વાગત કરવામાં આવનાર છે.

ગુજરાતના મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલ, પ્રદેશ ભાજપ અધ્યક્ષ આર.સી. ફળદુ, રાજય મંત્રીમંડળના મંત્રીઓ પ્રદેશ આગેવાનો વિમાની મથકે નરેન્દ્ર મોદીને પુષ્પગુચ્છ અર્પણ કરીને તેમનું સ્વાગત કરશે.

આ ઉપરાંત વિમાની મથક બહાર ભાજપના કાર્યકરો ઢોલ નગારાના તાલે ઝુમી અને કેસરીયા ખેસ સાથે વડાપ્રધાન નરેન્દ્ર મોદીનું ભવ્ય સવાગત કરવામાં આવશે.

વિમાની મથકે સ્વાગત કાર્યક્રમ પૂર્ણ થયા બાદ ત્રિમંદીર ખાતે સાંજે યોજાનારા એક કાર્યક્રમમાં નરેન્દ્ર મોદી ઉપસ્થિત રહીને કાર્યકરોને સંબોધન કરશે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી આવતીકાલે બપોરે ગુજરાતના પ્રવાસે આવી રહ્યા હોઈ ગાંધીનગર અને અમદવાદ ખાતે સઘન સુરક્ષા બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો છે.

ગાંધીનગર, તા.૧૫

વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદીની બે દિવસની ગુજરાતયાત્રાને લઈ સમગ્ર તંત્ર તેની તૈયારીમાં વ્યસ્ત બની ગયું છે તો પાટનગર ગાંધીનગર પોલીસ નગરમાં ફેરવાઈ ગયું છે.

ગાંધીનગર શહેરમાં ચારે બાજુ સ્થાનિક પોલીસ ઉપરાંત અન્ય જિલ્લાની પોલીસ પણ કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ પર ચાંપતી નજર રાખશે. ગાંધીનગર શહેરમાં છ જિલ્લાના પોલીસ દળના જવાનો અને અધિકારીઓને ફરજ પર તૈનાત કરી દેવામાં આવ્યા છે.

કાલે રાત્રે ત્રિમંદિરના અભિવાદન બાદ વડાપ્રધાનશ્રી મોદી ગાંધીનગરના અતિથિ બનવાના છે તેઓ ૧૭મીએ સવારે તેમના માતૃશ્રી હિરાબાના આર્શીવાદ લઈ મહાત્મા મંદિર જશે. ત્યાં સ્વાવલંબન અભિયાનનો આરંભ કરાવી તેઓ અમદાવાદમાં ચીનના રાષ્ટ્રપતિને મળવા માટે જશે.

અમદાવાદમાં ચીનના રાષ્ટ્રપતિ સાથેની મુલાકાત બાદ તેઓ ૧૭મીએ રાત્રે જ દિલ્હી જવા રવાના થશે.

પ્રધાનમંત્રી બન્યા બાદ પ્રથમવાર મોદી ગુજરાત આવી રહ્યા હોવાથી તેમના સ્વાગતની પણ તડામાર તૈયારીઓ ચાલી રહી છે. આ ઉપરાંત સ્વાવલંબન અભિયાનનો આરંભ થવાનો હોવાથી પણ તંત્ર તે માટેની તડામાર તૈયારીઓને આખરી ઓપ આપવામાં વ્યસ્ત છે.

પ્રધાનમંત્રીશ્રીની આ મુલાકાતને લઈને પાટનગરમાં પણ લોકોમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે. પાટનગરમાં ઠેર ઠેર રોશની કરવામાં આવી છે. આ ઉપરાંત પ્રધાનમંત્રી શ્રી મોદી જે માર્ગેથી પસાર થવાના છે તે માર્ગ પર પણ પોલીસે સઘન બંદોબસ્ત ગોઠવી દીધો છે એટલું જ નહિ વડાપ્રધાનનો કાફલો જયારે માર્ગ પરથી પસાર થાય ત્યારે પોંઈટ પર ફરજ બજાવતા પોલીસ જવાનો તેમજ ટ્રાફિક પોલીસે કેવા પ્રકારની તકેદારી રાખવી તેની પણ સૂચનાઓ આપવામાં આવી છે.

પ્રધાનમંત્રીના મહાત્મા મંદિરના કાર્યક્રમને લઈ પણ કડક બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે. મહાત્મા મંદિરમાં આઈ કાર્ડ અને સરકારના કાર્ડ સિવાયના કોઈને પણ પ્રવેશ આપવામાં આવશે નહિ.



(તસવીર : કશ્યપ નિમાવત)

## પચાસથી વધુ તબીબો ખડેપગે સેવા આપશે

ગાંધીનગર, તા. ૧૫

વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીની ગુજરાત યાત્રાને લઈ ગાંધીનગર સિવિલ હોસ્પિટલના ૫૦ થી પણ વધુ તબીબોની ૧૦ જેટલી ટીમો બનાવી અને ફરજની સોંપણી કરવામાં આવી છે.

વડાપ્રધાન શ્રી મોદીની આ મુલાકાતને લઈ ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં પણ ખાસ વ્યવસ્થાઓ કરવામાં આવી છે. આ ઉપરાંત મહાત્મા મંદિર, ત્રિમંદિર સહિતના સ્થળોએ પણ ચાર થી પાંચ સિનીયર તબીબોની ટીમો ફરજ પર હાજર રહેશે.

ત્રિમંદિર ખાતે બે ૧૦૮ એમ્બ્યુલન્સ આઈસીસીયુ ઓન વ્હીલ્સ સાથે તૈનાત રહેશે. આવી જ રીતે મહાત્મા મંદિર ખાતે પણ આ એમ્બ્યુલન્સ હાજર રાખવામાં આવશે.ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ઉપરાંત અમદાવાદ સિવિલના સિનિયર તબીબી અધિકારીઓને આ અંગેની ખાસ ફરજો સોંપવામાં આવી છે.

# ઈન્દિરાબ્રિજ-એસ.જી. હાઈવે પરથી આવતા વાહનો માટે ટ્રાફિક ડાયવર્ટ

**આજે સાંજે ૪ થી ૭ દરમિયાન ગાંધીનગર આવતા આ રૂટના વાહનો માટે ટ્રાફિક ડાયવર્ઝન**




ગાંધીનગર, તા. ૧૫

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની ગાંધીનગર મુલાકાતને અનુલક્ષી તા. ૧૬મી સપ્ટેમ્બરના રોજ અમદાવાદથી ગાંધીનગર રૂટની અવરજવર માટે સાંજે ૪ થી ૮ કલાક દરમિયાન ટ્રાફિક ડાયવર્ટ કરવામાં આવશે. જેમાં ઈન્દિરાબ્રિજથી ગાંધીનગર તેમજ એસ.જી. હાઈવે પરથી શહેર તરફ આવતા વાહનોએ આ ટ્રાફિક ડાયવર્ઝન અંગે જાગૃત રહેવુ પડશે.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી પી.એમ. બન્યા બાદ પ્રથમવાર ગાંધીનગર આવી રહ્યા છે. ત્યારે તેમની સુરક્ષા વ્યવસ્થાને લઈને લોખંડી બંદોબસ્ત ગોઠવી દેવાયો છે. આ ઉપરાંત પી.એમ. ના આગમનને અનુલક્ષી જરૂરી ઠેકાણે ટ્રાફિક ડાયવર્ઝન કરવાનો પણ નિર્ણય લેવાયો છે.


● અનુસંધાન પાન-૭ પર






## કડવા પાટીદાર સમાજ, ગાંધીનગર

(રજી. નં. એ-૭૧, ગાંધીનગર તા. ૩૦-૧૨-૮૧)
કાર્યાલય : શ્રી ઉમિયા માતાજી સંસ્થાન, કલેક્ટર કચેરી સામે,
સેક્ટર-૧૨, ગાંધીનગર. ફોન : ૨૩૨૪૫૩૦૦

**ખાસ વાર્ષિક સાધારણ સભા**

આથી કડવા પાટીદાર સમાજ, ગાંધીનગરના સર્વે ટ્રસ્ટીશ્રી, દાતાશ્રીઓ સભાસદશ્રીઓને વિનંતી સહ જણાવવાનું કે, સમાજની ખાસ સાધારણ સભા વર્ષ-૨૦૧૩-૧૪ના હિસાબો મંજૂર કરવા અર્થે ઉમા સમાજ ભવન, ખાતે તા. ૨૪/૯/૨૦૧૪ને બુધવારના રોજ રાત્રે ૮-૩૦ કલાકે રાખવામાં આવેલ છે. તો સર્વે સભ્યશ્રીઓને હાજર રહેવા વિનંતી છે.

**એજન્ડા**

(૧) સને - ૨૦૧૩-૧૪ના વર્ષના વાર્ષિક હિસાબો મંજૂર કરવા બાબતે
(૨) આંતરિક ઓડિટરશ્રીની નિમણૂંક કરવા બાબતે.
(૩) પ્રમુખશ્રીની મંજૂરીથી રજૂ થાય તે કામ બાબતે.

**હસમુખભાઈ જી. પટેલ** — **પ્રમુખ**
**અરવિંદભાઈ પી. પટેલ** — **મહામંત્રી**